પ્રાંતિજ સહિત તાલુકામાં વરસેલા વરસાદથી નદી-તળાવમાં નવા નીર

મોટી બોખ, ભાખરીયા તળાવ, સાબરમતી નદીમા નવાનીર આવતા ખેડૂતોમાં ખુશી : પાંચ વર્ષ બાદ પ્રાંતિજનુ રાજા રજવાડા વખતનુ ઐતિહાસિક તળાવ ભર્યુ

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકા મા આ વર્ષે મેઘરાજા ની અસીમ કુપા થતા પ્રાંતિજ સહિત તાલુકામા આવેલ તળાવો ભરાયા તો સાબરમતી નદી પણ બે કાંઠે થઈ છે. પ્રાંતિજ સહિત પંથક માં આ વર્ષે મેઘરાજા ની મેઘમહેર જોવા મલી હતી જેમા પ્રાંતિજ સહિત તાલુકામા આવેલ તળાવો ભરાયા છે તો કેટલાક તળાવો તો ઓવરફૂલ થવાને આરે છે તો પ્રાંતિજ ના સાદોલીયા પાસે આવેલ સાબરમતી પાસે બનાવેલ ચેક ડેમ મા પણ ઉપરવાસ મા પડેલ વરસાદ ને લઈ ને નવાનીર આવતા છલોછલ થતા સાબરમતી નદી બે કાંઠે વહેતી જોવા મળી હતી તો પ્રાંતિજ ખાતે આવેલ રાજા રજવાડા વખત નુ ઐતિહાસિક ભાંખરીયા તળાવ પણ પાંચ વર્ષે છલોછલ ભરાતા નગરજનો સહિત ખેડૂતો મા ખુશી જોવા મળી છે અને હવે બે કે ત્રણ-ઈંચ વરસાદ પડશે તો ઓવરફૂલ થશે તો હાલતો ભાંખરીયા તળાવ ભરાતા આજુબાજુમા આવેલ નાના મોટા આવેલ ગામો વદરાડ , બાકરપુર , જુના બાકરપુર , પ્રાંતિજ , અમીનપુર સહિત દશથી પણ વધારે ગામોના બોર કુવાઓ રિચાર્જ થશે તો નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના માર્કંડેશ્વર મહાદેવ પાસે આવેલ મોટી બોખ કે જે ૨૦ થી પણ વધારે લોકો ની જીવાદોરી છે તે પણ મંદિર ના પાછળનો ભાગ છલોછલ ભરાતા પીલુદ્રા , રામપુર , કમાલપુર , અનવરપુરા , નવાપુરા , સહિત ગામોને ખેતી માટે પાણી ની સમસ્યા ઉભી નહી થાય તો આ વર્ષે સારા વરસાદ ને લઈ ને પ્રાંતિજ સહિત તાલુકામા મેઘરાજા ની મેઘમહેર થતા નદી નાળા છલકાયા છે અને છલકાવાની આરે છે. ત્યારે હાલતો સારા વરસાદ ને લઈ ને પ્રાંતિજ સહિત પંથક ના લોકો તથા ધરતી પુત્રો મા ખુશીજોવા મળી રહી છે.

પ્રાંતિજના આસરોડા ખાતે દબાણ દુર કરવા જતા ગાળો-બોલી ધમકી આપતા ફરીયાદ

ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણને લઈને અરજી : જાનથી મારી નાંખવાની ધમકીઓ તથા સરકારી ફરજમા અડચણ ઉભી કરતા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના આસરોડા ગામે ગેરકાયદેસર દબાણ દુર કરવા ગયેલ તલાટી કમ મંત્રીને સાથે બોલાચાલી કરી ગાળો-બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી સરકારી ફરજમા અડચણ ઉભી કરતા આસરોડા ના ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજના આસરોડા ખાતે આવેલ સરકારી ગૌચર જમીન ઉપર ગામમા રહેતા મંગેશકુમાર બાદરભાઈ નાડીયા દ્વારા દબાણ કરી તે જમીનમા ગવારનુ વાવેતર કરેલ હોય જેને લઈ ગ્રામ પંચાયતમા અરજી આવતા અરજીના સંદર્ભે દબાણ દુર કરવા માટે પોલીસ બંદોબસ્ત સાથે પંચાયતના સરપંચ, ડે.સરપંચ તથા પંચાયતના સભ્યો વગેરે દ્વારા દબાણ દુર કરવા માટે ટ્રેકટર લઈને ગૌચરની જમીન ઉપર જતા તે દરમ્યાન મંગેશકુમાર બાદરભાઈ નાડીયા એકદમ ઉશ્કેરાઈને જોરશોરથી બુમો પાડતો આવેલ અને કહેવા લાગેલ કે તમે મારૂ એકલાનુંજ દબાણ દુર કરવા કેમ આવ્યો છો જો તમો મારૂ દબાણ ખુલ્લુ કરશો તો હુ તમારા બધાના નામ લખી આત્મહત્યા કરીશ અને તમો બધાને જેલમા પુરાવી દઈશ તેવી ધમકીઓ આપતા હોય જેથી સમજાવેલ કે આ ગૌચર જમીનમા વાવેતર કરેલ છે તે જમીન બાબતે તમારી પાસે કોઈ દસ્તાવેજ કે કોઈ પુરાવા હોય તો આપો તેમ કહેતા મંગેશકુમાર એકદમ ઉશ્કેરાઈ જઈ મારી તલાટી તથા બીજા લોકો સાથે ગમે તેમ બોલાચાલી કરી તલાટી સાથે અસભ્ય વર્તન કરવા લાગેલ જેથી સરકારી કર્મચારી છીએ અને અમારૂ કાયદેસરનુ કામ કરીએ છીએ કહેતા મંગેશકુમાર ગાળો બોલી અપશબ્દો બોલવા લાગેલ અને કહેવા લાગેલ કે ગામમા કેવી નોકરી કરો છો હુ તમને જોઈ લઈશ અને મને રસ્તામા એકલ દોકલ મળશો તો પતાવી દઈશ અને ખોટા કેસમા ફસાવી દઈશ તેવી ધમકીઓ આપતા હોય જેથી પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા આસરોડાના તલાટી પાર્થ કુમાર દિનેશભાઈ પટેલ દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે મંગેશકુમાર બાદરભાઈ નાડીયા ગામ-અસરોડા,તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

તલોદમાં પડેલ વરસાદથી તાલુકામાં અગીયાર મકાનોને નુકશાન

વરસાદના કારણે વરવાડા પાસે આવેલ ગોરથીયા જળાશયમાં ગઈકાલે આઠ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું : મેશ્વો નદીમાં પાણી વધતા પ્રતાપજીના મુવાડાનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો

તલોદ તા ૧૧

તલોદ પંથક માં ગઈકાલે આભ ફાટ્યું હોય એમ એક સાથે અગિયાર ઈંચ જેટલો વરસાદ વરસતા ખેડૂતો માં તારાજી સર્જી છે છેલ્લા ચોવીસ કલાકમાં વરસાદ ના કારણે વિજળી પડવાથી ત્રણ પશુ ઓ ના ઘટના સ્થળે જ મોત નીપજયા હતા અને પનાપુર અને દોલતાબાદ માં પાંચ મકાનોની દીવાલો ધરાશાયી થવા પામી હતી આઠ કલાક માં અગિયાર ઈંચ વિક્રમી નોંધાતા ભારે વરસાદ ના કારણે તાલુકાનાં ચાર ગામોમાં અગિયાર જેટલા મકાનો ને નુકશાન થયાના અહેવાલ છે જેમાં પડુંસણ ગામે ત્રણ મકાન, દડરડા ગામે ચાર મકાન સીમલીયા ગામે ત્રણ મકાન અને કેસર પુરા ગામે એક મકાન ને નુકશાન થયું હોવાનું જાણવા મળે છે આ સિવાય તલોદ રેલ્વે ઓવરબ્રિજ નુ કામ ચાલું હોવાના કારણે મહિયલ થઈને ડાયવર્ઝન આપવામા આવ્યુ હતું તે રસ્તા પર નુકશાન થવા પામેલ છે આ ડાયવર્ઝન વાળો રસ્તો તાત્કાલિક બનાવવામાં આવે તેવી ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર સમક્ષ તલોદ નગર પાલિકા ના ઉપપ્રમુખ ઋતૂલ પટેલે માગણી કરી છે તાલુકા માં હરસોલ મેશ્વો નદીમાં પાણી વધતા પ્રતાપજી ના મુવાડા જવાનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો તે રસ્તો પૂર્વવત થઈ ગયો હોવાનું જાણવા મળે છે વરસાદના કારણે અન્ય સંપર્ક વિહોણા ગામો ના સંપર્ક પુનઃ સ્થાપિત કરી દેવામાં આવેલ છે ઉપરવાસ માં પડેલ વરસાદના કારણે વરવાડા પાસે આવેલ ગોરથીયા જળાશયમાં ગઈકાલે આઠ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. જેના કારણે ડેમ માં પાણી ની સપાટી વધતા ડેમના ત્રણ દરવાજા ખોલી નાંખવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે

શામળાજીમાં અણસોલ નજીક અંબર હોટલ પર ફાયરિંગ

દારૂની લાઈનનો પર્દાફાશ કરતા હોટલ માલિકે બાતમી આપી હોવાની અદાવતમાં ફાયરિંગ : શામળાજીના અણસોલ નજીક આવેલી અંબર હોટલ પર રાજસ્થાની બુટલેગરોના ત્રણ સાગરીતોએ ફાયરિંગ કરી, ત્રણ ચાર કારના કાચ તોડી એક કાર સળગાવી : મેનેજરને પિસ્તોલનો બટ માથામાં મારતા લોહીલુહાણ

અરવલ્લી જીલ્લાના શામળાજી પંથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ બુટલેગરો બેફામ બન્યા છે થોડા દિવસ અગાઉ સ્ટેટ મોનેટરીંગ સેલે અણસોલ નજીક ચાર લકઝુરિયસ કારમાંથી વિદેશી દારૂની લાઈનનો પર્દાફાશ કરતા દારૂની લાઈન ચાલવતા રતનપુર ઠેકવાળો બલદેવરામ જાટ અને શકાજી ડાંગી સામે ગુન્હો નોંધાતા બુટલેગરોએ અંબર હોટલના માલિક ટીંકિયાએ બાતમી આપી હોવાની કે પછી જીસ્ઝની ટીમે અંબર હોટલમાં રોકાઈ હોવાની અદાવતમાં બંને બુટલેગરોના ત્રણ સાગરીતો ગત રાત્રીએ સ્વીફ્ટ કારમાં પહોંચી એક શખ્સે હોટલ કર્મી પર ફાયરિંગ કરી બટ મારી બે શખ્સોએ હોટલ આગળ ઉભેલી બે ત્રણ કારના કાચ ફોડી નાખી એક કારને સળગાવી દઈ ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી.

સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ વાઈરલ થયા હતા જેમાં ત્રણે શખ્સો બેફામ બની ઘટનાને અંજામ આપી કારમાં ફરાર થઈ ગયા હતા શામળાજી પોલીસે ત્રણ શખ્સો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રતનપુર ચેકપોસ્ટ નજીક અણસોલ ગામની સીમમાં આવેલી અંબર હોટલ પર સોમવારે રાત્રીના ૧૧ વાગ્યાના સુમારે ત્રણ શખ્સો સ્વીફ્ટ કારમાં પહોંચી સ્વીફ્ટ કાર રોડ કિનારે ઉભી રાખી કારમાંથી એક શખ્સ હાથમાં રિવોલ્વર સાથે હોટલ કાઉન્ટર પર પહોંચી ફાયરિંગ કરતા કારના કાચ તૂટી ગયા હતા હોટલ મેનેજરને ધમકી આપી પિસ્ટલ તાક્યા બાદ પિસ્ટલનો બટ મારતા હોટલ મેનેજર રંગુસિંહ મસંગસિંહ રાઠોડ લોહીલુહાણ થઈ ગયા હતા.

કારમાંથી અન્ય એક શખ્સ દંડા વડે હોટલ બહાર પડેલી ગ્રાહકોની બે ત્રણ કારના કાચ તોડી નાખી તેમજ હોટલમાં તોડફોડ કરી દંગલ મચાવી અન્ય શખ્સે કાર પર પ્રવાહી છાંટી આગ લગાડી દેતા કાર ભડભડ સળગી ઉઠી હતી પિસ્તોલ ધારક શખ્સે જતા જતા હવામાં ગોળીબાર કરી ભયનો માહોલ સર્જી ફરાર થઈ ગયા હતા હોટલ પર બુટલેગરોના સાગરીતોના આતંકથી હોટલ સ્ટાફ અને ગ્રાહકો ફફડી ઉઠ્યા હતા અને નાસભાગ મચી હતી હોટલ પર ફાયરિંગ કરનાર ત્રણે શખ્સો રવિવારે રાત્રે હોટલ પર જમવા આવ્યા હતા અને હોટલ કર્મીને તુમ્હારા શેઠ કહા ગયા ઔર પુલીસકા બાતમીદાર બન ગયા હૈ ઔર હમારે શેઠ કી ગાડીયા પકડાવતા હૈ કહીં તુમ્હારે શેઠ ટીંકિયા કો બોલ દેના કોઈ ભી પુલીસ વાલે કો હોટલ પર ખાના ખીલાને કા નહીં ઔર હમારે શેઠ કે બીચ મૈં આયા તો ફાયરિંગ કર કે માર ડાલેંગેની ધમકી આપ્યા બાદ બીજા દિવસે ફાયરિંગ કરી આતંક મચાવ્યો હતો. શામળાજી પોલીસે અંબર હોટલના મેનેજર રંગુસિંહ માસંગસિંહ રાઠોડની ફરિયાદના આધારે ત્રણ અજાણ્યા ઈસમો સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે ત્રણે હુમલાખોરોને ઝડપી પાડવા કવાયત તેજ કરી હતી.

ડીસાની કોલેજના ક્લાસ રૂમમાં વિદ્યાર્થીના હથિયાર સાથેના ફોટા સોશ્યલ મીડિયામાં વાઈરલ

ડીસાની કોલેજમાં વિધાર્થીના તિક્ષણ હથિયાર સાથેના ફોટા વાઈરલ થતાં અખિલ વિધાર્થી પરિષદે આ મામલે વિરોધ દર્શાવ્યો છે અને આજે કોલેજમાં સંચાલકોને આવેદનપત્ર આપી હથિયારો લઈ આવતા વિધાર્થીઓ સામે કાર્યવાહી કરવાની માગ કરી છે. વિદ્યાર્થીઓની માગ છે કે કોલેજમાં તિક્ષણ હથિયાર લઈ આવતા વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. છેલ્લા ઘણા સમયથી કોલેજ કેમ્પસમાં મારામારીના બનાવો બની રહ્યા છે અને ઘણીવાર આવી મારામારીમાં હથિયારોનો ઉપયોગ થતો હોય છે. ઉપરાંત અન્ય વિધાર્થીઓ પણ એકબીજાની દેખાદેખીમાં હથિયારો લઈને આવવાની એક પ્રથા બની ગઈ છે. ત્યારે શિક્ષણનું ધામ કોલેજ કેમ્પસ અસામાજિક તત્વોનો અડ્ડો બની જાય છે. ત્યારે આ બદીને અટકાવવા માટે અખિલ વિધાર્થી પરિષદ દ્વારા કોલેજના પ્રિન્સિપાલને આવેદનપત્ર પાઠવીને આગામી ૪૮ કલાકમાં કોલેજમાં હથિયાર લાવવા પર પ્રતિબંધ ફરમાવવાની માગ કરી છે.

સાયન્સ એન્ડ કોમર્સે કોલેજ પાલનપુરમાં કેમેસ્ટ્રી ડ્રોઈંગ ટુલ્સ સોફ્ટવેર વિષય પર વર્કશોપ

પાલનપુર તા. ૧૧

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ પાલનપુર સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા રસાયણશાસ્ત્ર તથા સાયન્સ ના અન્ય વિષયોમાં ઉપયોગમાં લેવાતા વિવિધ સ્ટ્રક્ચર કમ્પ્યુટરમાં દોરવા માટેના સોફ્ટવેર ના ઉપયોગ વિશે માહિતી આધારિત એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી .જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,આ કાર્યક્રમમાં ડૉ. જ્યોતિન્દ્ર માહ્યાવંશી દ્વારા આ સોફ્ટવેરનો કેવી રીતે ઉપયોગ કરવો તે વિશે ખૂબ જ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ.યોગેશ બી. ડબગર, વિભાગીય વડા ડૉ. જી.ડી. આચાર્ય તથા પીજી ઇન્ચાર્જ ડૉ. એસ.આઈ. ગટીયાલા એ હાજરી આપી કાર્યક્રમને વધુ સફળ બનાવ્યો હતો. આ સિવાય કાર્યક્રમમાં વિભાગના અન્ય અધ્યાપકો ડૉ. કે. સી. પટેલ, ડૉ. પી. એસ. પટેલ, ડૉ. એમ. આર. સોલંકી, ડૉ. કે.વી. મહેતા, પ્રો. સાલેહા મેમન વગેરે એ હાજરી આપી વિદ્યાર્થીઓને રિસર્ચ ક્ષેત્રે રિસર્ચ પેપર બનાવવા આ સોફ્ટવેર કેવી રીતે ઉપયોગી છે તે વિશે પ્રોત્સાહન આપ્યું હતું. કાર્યક્રમમાં એમ.એસ.સી. સેમ ૩ ના મોટી સંખ્યા માં વિદ્યાર્થીઓ હાજર રહી માહિતગાર થયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન ડૉ.અમી પટેલ અને ડૉ.જ્યોતિન્દ્ર માહ્યાવંશી એ કર્યું હતું.

૧૨ વર્ષના બાળકે ભાગવત કથાનું પઠન કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા..

ભણતરના ભાર સાથે ધર્મનું ઘડતર : મોબાઈલ યુગમાં બાળકો માટે પ્રેરણારૂપ પ્રસંગ

ગાંભોઈ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રૂપાલકંપા ગામના કચ્છ કડવા પાટીદાર પરિવારનો ધોરણ ૭માં અભ્યાસ કરતો તિર્થ વિશાલભાઈ પટેલ ૧૨ વર્ષની નાની વયે શ્રીમદ્ ભાગવત કથાનું રોજ એક કલાક પઠન કરી શ્રોતાઓને તેજસ્વી વાણીથી મંત્રમુગ્ધ કરી હિંદુ સંસ્કૃતિની સનાતન પરંપરાને જાળવી રાખી વર્તમાન સમયમાં વિવિધ સમાજ પરિવારના ઉત્થાન માટે આ બાળવક્તા પ્રેરણારૂપ બન્યો છે. આજના ટેકનોલોજી યુગમાં બાળકો મોબાઈલના પ્રભાવમાં જીવન જીવી રહ્યા છે ત્યારે હિંમતનગરના રૂપાલકંપામાં રહેતા ૧૨ વર્ષીય નાનો બાળક ઉનાળુ વેકેશનના સમયમાં શ્રીમદ્ ભાગવત કથાનું વાંચન કરવાની પોતાના પરિવાર સમક્ષ ઈચ્છા વ્યક્ત કરતા ભણતર સાથે ધાર્મિક આસ્થા ધરાવતો તિર્થ પટેલ વેકેશન દરમિયાન રોજ એક કલાક કથા વાંચનનો આરંભ કરેલ. તેની તેજસ્વી બાળવાણીથી પ્રભાવિત થઈ તેના પરિવાર અને સ્થાનિક ગ્રામજનો કથા શ્રવણમાં જોડાયા હતા. વેકેશન બાદ બે માસના અંતે શાળાના નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે કથા પૂર્ણ થતા ભાગવત પોથીનું પૂજન કરી પરિવાર અને સ્થાનિક શ્રદ્ધાળુ ગ્રામજનોએ આ બાળવક્તાને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી. નાની વયે પવિત્ર શ્રીમદ્ ભાગવત કથાનું વાંચન કરી હિન્દુ સંસ્કૃતિના સનાતન પરંપરાના દર્શન કરાવનાર આ બાળવક્તાએ પંથકમાં લોકચાહના મેળવી છે.

ભણતરમાં તેજસ્વી તિર્થ પટેલ ધાર્મિક આસ્થા ધરાવે છે..

બાળપણથી જ સવારે નિત્ય મંદિરમાં દેવદર્શન, ગામના પાદરે આવેલ પીપળાનું પૂજન કરી જળ ચડાવવાનું, હનુમાનજી મંદિરે હનુમાન ચાલીસા કરવા, ઘર આંગણે પવિત્ર તુલસી માતાને જળ ચડાવવું, સવાર-સાંજ પૂજન-પાઠ સહિત ધાર્મિક પ્રવૃત્તિઓ તરફ પ્રેરાયેલ અને ભણતરના ભાર સાથે ધર્મની ધુરા સંભાળનાર આ બાળવક્તા તલોદ તાલુકાની રણાસણ ગામની બચપન વિદ્યાલય સ્કૂલમાં અભ્યાસ કરે છે. શાળામાં અભ્યાસ ક્ષેત્રે તેજસ્વી ગણાતો તિર્થ પટેલે ઉનાળુ વેકેશન દરમિયાન પરિવાર સમક્ષ ઘર આંગણે શ્રીમદ્ ભાગવત કથાનું વાંચન કરવાની ઈચ્છા દર્શાવી હતી. જે પરિપૂર્ણ થતાં કથાના અંતિમ દિવસે શ્રાવક પરિવાર અને ગ્રામજનોએ ભાગવત પોથીનું પૂજન-આરતી કરી કથાની ઉત્સાહભેર પૂર્ણાહુતિ કરી હતી. બાળવક્તા તિર્થ પટેલે હવે પછી રામાયણ વાંચવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

અમીનપુરની સગીરાને ભગાડી જતા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના અમીનપુર ગામનોજ ઈસમ સગીરાને ભગાડી જતા સગીરાના કાકા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અમીનપુરના ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી. પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામની સગીરાને અમીનપુર ગામનોજ ઈસમ કેલનસિંહ ઉર્ફે જીગો વજેસિહ મકવાણા કે મારી ભત્રીજી ઉ.વર્ષ-૧૫ માસ ૧૧ દિવસ ૦૧ ની સગીર વયની હોવાનુ જાણતો હોવાછતાંય લલચાવી ફોસલાવી કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી ભગાડી લઈ જતા સગીરા ના કાકા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અમીનપુર ગામનોજ કેલનસિંહ ઉર્ફે જીગો વજેસિહ મકવાણા રહે અમીનપુર બળીયાદેવવાસ તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા આઈપીસી કલમ ૩૬૩ મુજબ ગુનોનોંધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ

પ્રાંતિજ પોલીસમાં ગામના જ ઈસમ સામે ફરિયાદ : અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી

પી.પીઆઈ.વાઘેલા દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.